સંક્ષિપ્ત સમાચાર

કડોદમાં તેજસ્વી તારલાઓનું સન્માન

કેતન પટેલ

કડોદ: સેવાયજ્ઞ ટ્રસ્ટ-કડોદ દ્વારા સંચાલિત સ્વ. હસમુખલાલ છોટાલાલ શાહ અને શ્રીમતી લતાબેન હસમુખલાલ શાહ શિક્ષણ વિકાસ ફંડમાંથી કડોદ હાઇસ્કૂલના ધો.10 અને 12માં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયેલા તેજસ્વી તારલાઓનું સન્માન ફંડનાં વડીલ દાતા લતાબેન હસમુખલાલ શાહના હસ્તે પ્રત્યેક વિદ્યાર્થીને 5000 અને શિલ્ડ એનાયત કરવામાં આવ્યું હતું. ગુજરાતી માધ્યમના આચાર્ય સુનીલભાઇ રાજપૂત, અંગ્રેજી માધ્યમના આચાર્ય ભાવેશભાઇ દેસાઈની હાજરીમા અમેરિકા સ્થિત ફંડના દાતા હિતેષભાઇ હસમુખલાલ શાહના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ ફંડના વ્યવસ્થાપક કડોદના સેવાભાવી સજ્જન નિલેશભાઇ પારેખ, સક્રિય યુવા અગ્રણી કુશ જોષી, સેવામૂર્તિ નગરશેઠ ઘનશ્યામભાઇ ગાંધી, શાળાના માજી આચાર્ય મહેન્દ્રસિંહ દેસાઇ, ધર્મેશભાઇ મોદી અને વાલીઓની ઉપસ્થિતિમાં પાંચ તેજસ્વી તારલાઓનું સન્માન થયું હતું. આ ફંડમાંથી દર વર્ષે કડોદ હાઈસ્કૂલના ધો.10 (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ) અને ધો.12 (આર્ટસ, કોમર્સ, સાયન્સ)માં પ્રથમ ક્રમે આવનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી સન્માન કરવામાં આવશે.

ભરૂચમાં NHAIની 15 વર્ષ જૂની ઇમારત તોડી પાડનારા ત્રણ સામે ગુનો નોંધાયો

ભરૂચ: રાષ્ટ્રીય ધોરી માર્ગ સત્તાકારણ (NHAI), વડોદરાની સરકારી મિલકતને નુકસાન પહોંચાડવા, ગેરકાયદે કબજો કરવાનો પ્રયાસ કરવા અને સરકારી કામગીરીમાં અવરોધ ઊભો કરવાના ગંભીર આરોપમાં ભરૂચ સી ડિવિઝન પોલીસે ત્રણ ઇસમ કિરીટભાઈ, સંદીપભાઈ નગીનભાઈ, આરિફભાઈ સામે ફરિયાદ નોંધી છે. આ ઘટના વડદલા ગામે નોવસ હોટલની બાજુમાં આવેલા NHAIના રેસ્ટ એરિયા પરિસરમાં બની છે, જ્યાં આરોપીઓએ ભારે મશીનરીનો ઉપયોગ કરીને NHAIની 15 વર્ષ જૂની ઇમારતને તોડી પાડી હતી.

સોનગઢ નગરમાં ખાડીની પ્રિ-મોન્સૂન કામગીરીમાં ગેરરીતિના આક્ષેપ

સોનગઢ: સોનગઢ નગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત હાથ ધરવામાં આવેલી ખાડી સાફસફાઈની કામગીરીમાં ગેરરીતિ અને બેદરકારી આચરવામાં આવી હોવાના આક્ષેપ સાથે વિરોધ પક્ષનાં સભ્ય બાનુબેન પઠાણે મુખ્ય અધિકારીને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, ખાડી સફાઈના કામ માટે આપવામાં આવેલા વર્ક ઓર્ડર અને ટેન્ડર મુજબ સ્થળ પર સંતોષકારક કામગીરી જોવા મળતી નથી. એજન્સી દ્વારા માત્ર ઔપચારિકતા પૂરતી કામગીરી કરવામાં આવી હોવાનું જણાઈ રહ્યું છે, જેના કારણે જાહેર નાણાંનો દુરુપયોગ થવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. તપાસ દરમિયાન જો ગેરરીતિ, ક્ષતિ અથવા ભ્રષ્ટાચાર સાબિત થાય તો સંબંધિત એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની તેમજ જવાબદાર અધિકારીઓ સામે નિયમ મુજબ કડક કાર્યવાહી કરી સરકારી નાણાંની વસૂલાત કરવાની પણ રજૂઆતમાં માંગ ઉઠાવવામાં આવી છે.

નેત્રંગમાં ખેડૂતોની બિયારણ અને ખાતર ખરીદી માટે લાઇન

પ્રદીપ ગુર્જર

નેત્રંગ: ચોમાસાની સમયસર પધરામણીની આશા સાથે નેત્રંગ તાલુકાના ૭૮ ગામના આદિવાસી ધરતીપુત્રો ગરમી અને બફારા વચ્ચે વાવણીના આયોજનમાં જોતરાયા છે. નગરમાં મોંઘા ભાવના બિયારણની ખરીદી બાદ હવે યુરિયા ખાતર મેળવવા માટે ખેડૂતો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. શ્રી નેત્રંગ વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સબ ગોડાઉન પર વહેલી સવારથી જ ખેડૂતોની લાંબી લાઇનો જોવા મળે છે. કલાકો સુધી કાળઝાળ તડકામાં ઊભા રહ્યા બાદ માંડ ત્રણ-ચાર ગુણી ખાતર નસીબ થાય છે. ઝઘડિયાના ધારાસભ્ય રિતેશ વસાવા, સાંસદ મનસુખ વસાવા તેમજ કિસાન મોરચાના પ્રમુખ યોગેન્દ્રસિંહ મહિડા સરકારમાં લેખિત રજૂઆત કરી વહેલી તકે સમસ્યાનું નિરાકરણ લાવે તેવી લોક માંગ ઊઠી છે.

જંબુસરમાં જુગાર રમતા 6 ઝડપાયા

ભરૂચ: જંબુસરના બાકોરપોર ટીંબી ગામે જુગાર રમતા અસ્લમ હલદરવા, સઈદ બાજી, ઇનાયત ગઠીયા, મોબીન મલેક, મોહસીન પટેલ અને ઝહી પટેલ સહિત કુલ ૬ શખ્સને રંગેહાથ ઝડપી લીધા હતા, જ્યારે સાજીદ ચોકસી, યાસર મલેક, ઈમરાન પઠાણ, મજીદ પટેલ, જુનેદ પટેલ, સલામત પટેલ, ઈરફાન મિરઝા, ઉસો પટેલ અને જાવીદ નુરભા ભાગી છૂટ્યા હતા. પોલીસે રેડ દરમિયાન રૂ.૩૩,૪૪૦ની રોકડ, ૬ મોબાઈલ, ૨ બાઇક, ૧ મોપેડ અને ૧ કાર મળી કુલ રૂ.૬,૫૮,૪૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

માંડવીના ટીટોઈ ગામમાં બની રહેલી આંગણવાડીની દીવાલ તૂટી પડી

હિતેશ પટેલ

માંડવી: માંડવીના ટીટોઈ ગામમાં નિર્માણાધીન આંગણવાડીના બાંધકામમાં આચરવામાં આવેલા ખુલ્લા ભ્રષ્ટાચારની આખરે પોલ ખૂલી ગઈ છે. કોન્ટ્રાક્ટર અને સરકારી તંત્રની ગુનાહિત મિલીભગતે માસૂમ બાળકોના જીવ સીધા જોખમમાં મૂકી દીધા છે. અગાઉ આ જ આંગણવાડીના નિર્માણમાં તૂટેલી અને સાવ હલકી કક્ષાની ઈંટો વપરાતી હોવાનો ગ્રામજનોએ પર્દાફાશ કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. જો કે, ભ્રષ્ટાચારને છાવરવા મેદાને પડેલા તંત્રએ ત્યારે માત્ર કેટલીક ઈંટો બદલવાનો દેખાડો કરી સમગ્ર પ્રકરણ પર લીપાપોતી કરી નાંખી હતી. ત્યારે તાજેતરમાં જ આંગણવાડીની નવનિર્મિત દીવાલ પત્તાંના મહેલની જેમ અચાનક કડડભૂસ થઈને ધરાશાયી થઈ ગઈ છે. સદનસીબે આ ગંભીર દુર્ઘટના વખતે સ્થળ પર કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી છે.

ભરૂચમાં રાત થતાં જ વીજલાઇન કાપી વાયર ચોરતી ગેંગ ઝડપાઈ

ટોળકીના 12 ચોર ઝડપાયા, રૂ.20.60 લાખનો મુદ્દામાલ જપ્ત

ચાર ગુનાનો ભેદ ઉકેલાયો, રેકીથી લઈને ભંગાર વેચવા સુધીની 'મોડસ ઓપરેન્ડી'નો પર્દાફાશ

ભરૂચ: હાંસોટ પોલીસે ખેતીવાડીની વીજ લાઇનના વાયર ચોરી કરતી એક સક્રિય ટોળકીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ મામલે કુલ ૧૨ આરોપીની ધરપકડ કરી હાંસોટ અને પાનોલી પોલીસ સ્ટેશન વિસ્તારના ચાર ગુનાનો ભેદ ઉકેલવામાં મોટી સફળતા મેળવી છે. હાંસોટ પોલીસ ઈન્સ્પેક્ટર એન.એ.વસાવાની ટીમે અલગ-અલગ ટુકડીઓ બનાવીને આ તપાસ હાથ ધરી હતી, જેમાં કેફ ઈલ્યાસ શેખ, વિશાલ વસાવા, શનિકુમાર વસાવા, વિનોદ પટેલ, રાહુલ વસાવા, તરુણ વસાવા, સુનીલ વસાવા, પીયૂષ વસાવા, રાજકુમાર વસાવા, વસીમ શેખ, નૂર નબી સૈયદ અને સોનાદેવી ચૌરસીયાની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ ટોળકી દિવસ દરમિયાન અંતરિયાળ ગામોની રેકી કરતી હતી અને રાત્રિના સમયે ચાલુ વીજ લાઇનોને હેક્સો બ્લેડ તેમજ પકડની મદદથી કાપી નાંખતી હતી. ચોરી કરતી વખતે ટોળકીના કેટલાક સભ્યો આસપાસ પોલીસ કે અન્ય લોકોની અવરજવર પર બાજનજર રાખતા હતા, જ્યારે અન્ય સભ્યો વાયરના નાના ટુકડા કરી કોથળામાં ભરી ટુ-વ્હીલર દ્વારા સગેવગે કરતા હતા. આ વાયરને ઝાડી-ઝાંખરામાં સંતાડી રાખી બાદમાં ભંગારના વેપારીઓને વેચી દેવાતો હતો. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૧૭.૪૫ લાખના એલ્યુમિનિયમના વાયર, એક ટેમ્પો, એક બાઈક અને ૯ મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૨૦.૬૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

કડોદ દૂધ ઉત્પાદક સહકારી મંડળીને ઓડિટમાં 'અ' વર્ગ મળ્યો

મંડળીની 29મી સાધારણ સભા મળી

કડોદ: કડોદ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ કૃષિ મોલના પ્રથમ માળે મંડળીના પ્રમુખ કેતનભાઈ જે. પટેલના અધ્યક્ષ સ્થાને 29મી સાધારણ સભા મળી હતી. આ પ્રસંગે સંસ્થાના નામી-અનામી અવસાન પામેલા સદગતને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સભાની શરૂઆતમાં એજન્ડાનાં કામો વાંચનમાં લેવામાં આવ્યા હતાં. જે 1થી 10 કામોને સભાસદોએ સર્વાનુમત્તે મંજૂર કરવામાં આવ્યાં હતાં. હાલના ડિરેક્ટરોની ટર્મ પૂર્ણ થઈ હોય, આવનારાં પાંચ વર્ષ માટે તમામ ડિરેક્ટરો બિનહરીફ ચુંટાયા હતા. મંડળી તરફથી સભાસદોને 15 ટકા ડિવિડન્ડ તેમજ ગાય અને ભેંસના દૂધનું પ્રતિ લિટર 8 રૂપિયા ભાવ ફેર આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સંસ્થાએ કુલ 67,94,494 રૂપિયાનું ટર્ન ઓવર કર્યું હતું. જેમાં ચોખ્ખો નફો 6,06,106 રૂપિયા થયો હતો. સુમુલમાં દૂધ ભરતા સભાસદોને પ્રથમ ત્રણ સભાસદોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. મંડળીનો ઓડિટ વર્ગ અ આવ્યો છે. મંડળીની તમામ માહિતીથી સભાસદોને માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે કડોદ ગામના વતની એપીએમસીના પ્રમુખ પ્રતાપસિંહ વજેસિંહ દેસાઈ (પીઠાવાલા) કડોદ તેમજ તાલુકા પંચાયતમાં ચુંટાયેલા ધ્વનિ ભાવસાર તથા જિલ્લા પંચાયતના સભ્યનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સભામાં મોટી સંખ્યામાં સભાસદો હાજર રહ્યા હતા. સભાનું વાંચન અજયસિંહ અરવિંદસિંહ દેસાઈએ કર્યું હતું.

તળાદ ગ્રુપ કોટન મંડળીના પ્રમુખ પદે અરવિંદ પટેલનો ત્રણ મતથી વિજય

અરવિંદ પટેલ છેલ્લાં ૧૫ વરસથી પ્રમુખ તરીકે સેવારત

સુરત: ધી તળાદ ગ્રુપ કો.ઓ.કોટન સેલ સોસાયટી લિ. જહાંગીરપુરા જીન ખાતે પ્રમુખ પદ તથા ૨૧ વિભાગ માટેની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી યોજાઈ હતી. શનિવારે બોર્ડ ઓફ ડિરેક્ટરની બેઠકમાં અધ્યક્ષ પદે મદન પટેલ વરિયાવની વરણી કરાઈ હતી. બાદ ચૂંટણી પ્રક્રિયા શરૂ થતા પ્રમુખ પદના ઉમેદવાર અરવિંદ પટેલ અરિયાણાની દરખાસ્ત દલપતભાઈ જે. પટેલે કરી હતી. જેમને જાગૃતિ પટેલે ટેકો જાહેર કર્યો હતો. અન્ય ઉમેદવાર માટે ધર્મેશ પટેલ ઇસનપોરની દરખાસ્ત મહેન્દ્રભાઈ સી.પટેલ દ્વારા કરાઈ હતી. જેમને કેતન દેસાઈએ ટેકો જાહેર કર્યો હતો. બંને વચ્ચે યોજાયેલી ચૂંટણીમાં ધર્મેશ પટેલને નવ મત અને અરવિંદ પટેલને 12 મત મળતાં અરવિંદ પટેલનો ત્રણ મતે વિજય થયો હતો.

અરવિંદ પટેલ સતત છેલ્લાં 15 વર્ષથી તળાદ કોટન મંડળીમાં પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીમાં વિભાગ-૧, સોંસકમાં મહેન્દ્ર સી.પટેલ બિનહરીફ, વિભાગ-૨ સરોલ જીતેન્દ્ર પટેલ-૨૬ મત હરીફ ઉમેદવાર નટવર પટેલને ૨૭ મત એક મતથી વિજેતા જાહેર થયા હતા.

વિભાગ-૩ અંભેટા જિજ્ઞેશ પટેલ ૬૬ મત, હરીફ ઉમેદવાર કેતન દેસાઈ ૧૦૮ મત મળતાં કેતન દેસાઈ ૪૨ મતે વિજેતા થયા હતા. વિભાગ ૪ માસમામાં પ્રકાશ પટેલને ૮૯ મત, જ્યારે પ્રમોદ પટેલને ૧૩૦ મત મળતાં ૪૧થી વિજયી બન્યા હતા. વિભાગ-૫ ઇશનપોર વિજય પટેલને ૫૦ મત, હરીફ ઉમેદવાર ધર્મેશ પટેલને ૧૦૫ મત મળતાં ૫૫ મતે વિજેતા થયા હતા.

વિભાગ-૬ વળોદ જગદીશ દેસાઈ બિનહરીફ વિજેતા, વિભાગ-૭ તળાદ વિનોદ પટેલ બિનહરીફ વિજેતા, વિભાગ-૮ જોથાણ અશ્વિન પટેલ ૭ મત, બીપીન પટેલ ૧૧ મત મળતાં ૪ મતે વિજેતા થયા હતા. વિભાગ-૯ કનાજ બિપીન પટેલ બિનહરિફ, વિભાગ-૧૦ શેરડી, નયન પટેલ બિનહરીફ, વિભાગ-૧૧ સરોલી, કાંતિ પટેલ બિનહરીફ, વિભાગ-૧૨ કોસમ, દલપત પટેલ બિનહરીફ, વિભાગ-૧૩ બલકસ, અર્જુનસિંહ ઠાકોર બિનહરીફ, વિભાગ-૧૪ સેગવાછામા, પ્રવીણ પટેલ બિનહરીફ, વિભાગ-૧૫ અરિયાણા અરવિંદ પટેલ બિનહરીફ, વિભાગ-૧૬ ભેંસાણ-રાંદેર, કામલેશ પટેલ બિનહરીફ, વિભાગ-૧૭ કુંકણી હસમુખ પટેલ ૨૮ મત, ધર્મેશ પટેલ ૩૭ મત, હરીફ ઉમેદવાર જૈનેક્ષ પટેલને ૩૭ મત મળતાં ચીઠ્ઠી ઉછાળી નિર્ણય કરતાં જૈનેક્ષ પટેલનો વિજય થયો હતો. વિભાગ-૧૮ વરિયાવ મદન પટેલ બિનહરીફ, વિભાગ-૧૯ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ હરકિશન સુરતી બિનહરીફ, વિભાગ-૨૦ મહિલા સામાન્ય સ્ત્રી શોભના પટેલ બિનહરીફ, વિભાગ-૨૧ મહિલા સામાન્ય સ્ત્રી વસુમતી પટેલ ૭૧ મત હરીફ ઉમેદવાર જાગૃતિ પટેલને ૧૩૩ મત મળતાં ૬૨ મતથી વિજયી થયાં હતાં.

'જમીનનો સોદો કરવો હોય તો રૂ.૧.૧૦ કરોડ રકમ આપવી પડશે'

ઓલપાડ ટાઉનમાં જમીનના વેચાણ સોદા મામલે બે મુસ્લિમ જૂથ બાખડ્યાં

સાયણ: ઓલપાડ ટાઉનની દાદાનગર સોસાયટીમાં રહેતા અને પેટ્રોલ પંપ પર મેનેજર તરીકે નોકરી કરતા મોસીનખાન હમીદખાન પઠાણના પરિવારે ઓલપાડ ગામની સરવે નં-૮૬૩ વાળી ૧૪ વીઘાં સંયુક્ત માલિકીની જમીન વેચવા માટે શુક્રવારે એક મિટિંગનું આયોજન કર્યું હતું. આ મિટિંગમાં જમીનમાં નામ ન હોવા છતાં પરવેઝ મઝીદ પઠાણ અને મેહમુદખાન પઠાણ આવ્યા હતા. સોદો ન થવા દેવાના ઈરાદે પરવેઝ પઠાણે પોતાના હિસ્સા પેટે રૂ.૧.૧૦ કરોડની માંગણી કરી હતી. આ માંગણી ન સ્વીકારાતાં બંને જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને આરોપીઓ રૂપિયા ન આપે તો જમીન ન વેચવા દેવાની ધમકી આપી ચાલ્યા ગયા હતા. આ જ દિવસે સાંજે મોસીનખાન ઓલપાડની પરા મસ્જિદમાંથી નમાઝ પઢીને બહાર નીકળી રહ્યા હતા, ત્યારે પરવેઝના દીકરા અનવેશે તેમને રોકી તારી દાદાગીરી વધી ગઈ છે તેમ કહી ઝઘડો કર્યો હતો. તે દરમિયાન પરવેઝ પઠાણ પણ ત્યાં દોડી આવ્યો હતો અને મોસીનખાન સાથે ગાળાગાળી કરી મારામારી શરૂ કરી હતી. મોસીનખાનને બચાવવા વચ્ચે પડેલા તેમના મામાના દીકરા આમીરખાન સાથે પણ ઝપાઝપી કરવામાં આવી હતી.

આ સમયે મસ્જિદમાંથી બહાર આવેલા અન્ય આરોપીઓ હૈદરખાન પઠાણ અને જાવીદ મલેકે પણ હુમલામાં જોડાઈને ઢીક્કામુક્કી તથા લાતો વડે મૂઢ માર માર્યો હતો.

આરોપીઓએ ધમકી આપી હતી કે જો જમીનના રૂપિયા નહીં આપો તો હાથ-પગ ભાંગીને જાનથી મારી નાંખીશું. આ અંગે મોસીનખાન પઠાણે ઓલપાડ પોલીસ મથકમાં પરવેઝ પઠાણ, અનવેશ પઠાણ, હૈદરખાન પઠાણ અને જાવીદ મલેક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વર નજીક હિટ એન્ડ રનમાં ટ્રક ડ્રાઈવરનું મોત

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસીના એશિયન પેઈન્ટ ચોકડી નજીક અજાણ્યા વાહનની અડફેટે ટ્રક ડ્રાઈવરનું મોત નીપજ્યું હતું. મૂળ ઉત્તર પ્રદેશના અને વ્યવસાયે ટ્રક ડ્રાઈવર સુધીરકુમાર લલનસિંહ યાદવ (ઉં.વ.34) પોતાની ટ્રક રોડ સાઈડમાં પાર્ક કરી રાત્રિના સમયે રોડ ક્રોસ કરી રહ્યા હતા. દરમિયાન એક અજાણ્યા વાહને તેમને જોરદાર અડફેટે લીધા હતા. અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાને કારણે સુધીરકુમારનું મોત થયું હતું, જ્યારે અકસ્માત સર્જનાર વાહનચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી અજાણ્યા વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.

ઉચ્છલમાં યુરિયા ખાતરની અછતથી ખેડૂતો હેરાન

વ્યારા: ઉચ્છલ તાલુકામાં યુરિયા ખાતરની અછતને કારણે ખેડૂતો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ખેડૂતોના જણાવ્યા મુજબ યુરિયા મેળવવા માટે તેમને 6થી 7 દિવસ સુધી વારંવાર ધક્કા ખાવા પડી રહ્યા છે તેમ છતાં ખેડૂતોને ખાતર મળતું નથી. ખેડૂતોને આજે ખાતર નથી, કાલે ખાતર આવશે જેવા જવાબો મળતાં દૂર દૂરથી ઉચ્છલ તાલુકા મથકે આવતાં ખેડૂતોને કલાકો સુધી રાહ જોયા બાદ પણ ખાતર વિના વીલા મોઢે પરત ફરવું પડી રહ્યું છે.

વાલોડમાં ભરઉનાળે વીજકાપથી લોકો હેરાન

વાલોડ: વાલોડમાં ડીજીવીસીએલ દ્વારા ભરઉનાળે વીજકાપ રાખીને કરાતી પ્રિમોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ હોવાનું સામે આવ્યું છે. અહીં નવા ફળિયાથી ડોડિયા ફળિયા તરફ જતા માર્ગ પર વીજ પોલ પર વેલાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ઉનાળાના અસહ્ય તાપમાં લોકોએ સહકાર આપવા છતાં વીજ કંપનીના અધિકારીઓની બેદરકારી ખુલ્લી પડી છે. ચોમાસા પહેલાં જ સર્જાયેલી આ પરિસ્થિતિને કારણે આગામી દિવસોમાં વીજ પુરવઠો ખોરવાવાની ભીતિ છે, જેથી ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને જવાબદારો સામે કાર્યવાહીની માંગ ઊઠી છે.

સ્માર્ટ સિસ્ટમ ફેઈલ: પીવાના પાણી માટે મહિલાઓના રાત્રિ ઉજાગરા

વાલોડના કાઝી ફળિયામાં પાણીનો કકળાટ

વાલોડ: વાલોડના કાઝી ફળિયાના લોકો ભર ઉનાળે પાણીનો સામનો કરી રહ્યા છે.

વાલોડ ખાતે કાઝી ફળિયામાં વોટર વર્ક્સની મુખ્ય પાઇપ લાઈનમાં ભંગાણ પડ્યું હતું. જેના કારણે કેટલાક વિસ્તારોમાં પાણીની મોટી સમસ્યા સર્જાઈ રહી છે. ભરઉનાળે પાણીનો કકળાટ જોવા મળી રહ્યો છે. છતાં અધિકારી તેમજ સ્થાનિક તંત્ર દ્વારા કોઈ યોગ્ય નિકાલ નહીં આવતાં આ વિસ્તારના લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ભરઉનાળે પાણીની સમસ્યા સર્જાતાં સ્થાનિક મહિલાઓ દૂર દૂરથી પાણી લાવવા મજબૂર બની છે. એટલું જ નહીં પાણીના કકળાટને લઈ સ્થાનિકો ટેન્કર લાવવા મજબૂર બન્યા છે. અને રાત્રિ દરમિયાન પાણીનું ટેન્કર આવતાં લોકો પાણી માટે લાઇનમાં ઊભા રહી પાણીનાં બેડાં ભરતા નજરે પડી રહ્યા છે. છતાં તંત્રને કોઈ પડી નથી. જેથી વહેલી તકે આ વિસ્તારમાં પાણીની સમસ્યા દૂર કરવામાં આવે. જો આ સમસ્યાનું ત્વરિત નિરાકરણ ન આવે તો સ્થાનિક મહિલાઓએ કચેરી ખાતે પહોંચી માટલાં ફોડવાની ચીમકી ઉચ્ચારી છે.

પારડી ઈદ્રિશના ખેતરમાંથી વીજ વાયરની ચોરી

અંકલેશ્વર: અંકલેશ્વરના પારડી ઈદ્રિશ ગામે ખેતરમાંથી ડીજીવીસીએલના ૧૧ કે.વી. લાઈનના રૂ.૧,૨૫,૫૨૧ની કિંમતના ૩૦૬૦ મીટર એલ્યુમિનિયમ વાયરની ચોરી થઈ છે. ૭ એપ્રિલની રાત્રે અજાણ્યા ચોરોએ થાંભલા પરથી આ વાયર કાપી લીધા હતા. ખેડૂતની અરજી બાદ ડીજીવીસીએલના નાયબ ઈજનેર અભિલાષ બાલસુબ્રમણિયન નાયરે અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

અંકલેશ્વર નગર પાલિકા દ્વારા યોગ શિબિર યોજાઈ

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર ભાજપ દ્વારા જવાહરબાગ ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ સહિત ભાજપના આગેવાનો, કાર્યકરો અને યોગપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૫૭/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- ઈન્દ્રસિંહ નાથુસિંહ વાંસિયા, રહે.કોસાડી, દરબાર ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૩૩૫.

વિરૂધ્ધ

પ્રતિવાદી : (૧) મામલતદારશ્રી માંડવી, તા.માંડવી, જી.સુરત, (૨) જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કોસાડી ગ્રા.પં. તા.માંડવી, જી.સુરત-૩૯૪૩૩૫

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ઈન્દ્રસિંહ નાથુસિંહ વાંસિયા, રહે. કોસાડી, દરબાર ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૩૩૫એ તેઓના પોતે ઈન્દ્રસિંહ નાથુસિંહ વાંસિયાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ઈન્દ્રસિંહ નાથુસિંહ વાંસિયા ૨. જન્મ તારીખ: ૨૦/૦૪/૧૯૫૨ ૩. જન્મનું સ્થળ: મોજે.કોસાડી, તા.માંડવી, જી.સુરત. સબબ, ઉપરોક્ત વિગતે ઈન્દ્રસિંહ નાથુસિંહ વાંસિયાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૨/૦૬/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

અરેઠ તાલુકા પંચાયતમાં સમિતિઓની રચના

નવીન પટેલ કારોબારી અધ્યક્ષ બન્યા, સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ પદે રાકેશ ચૌધરીની વરણી

હિતેશ પટેલ

માંડવી: અરેઠ તાલુકા પંચાયત ખાતે વહીવટી પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવા માટે એક ખાસ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયતના પ્રમુખ મુકેશભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં પંચાયતની બે સૌથી મહત્ત્વપૂર્ણ સમિતિઓની સત્તાવાર રચના કરાઈ હતી. આ સભામાં કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે નવીનભાઈ પટેલ અને સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ તરીકે રાકેશભાઈ બી. ચૌધરીની વરણી કરાઈ છે.

આ બેઠકમાં ઉપપ્રમુખ રક્ષાબેન પી. ચૌધરી, ઈનચાર્જ તાલુકા પંચાયત અધિકારી સંજયભાઈ ચૌધરી તથા મદદનીશ તાલુકા વિકાસ અધિકારી હેમુભાઈ ચૌધરી સહિત ચુંટાયેલા પ્રતિનિધિઓ, અરેઠ તાલુકા સંગઠનના ઉપપ્રમુખ દિનેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. નવી સમિતિઓની રચના અને બંને હોનહાર અધ્યક્ષોની નિમણૂક થવાથી તાલુકાનાં વિકાસલક્ષી કાર્યો વધુ ઝડપી બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

Milano
MULTIPLEX
બારડોલી
Cocktail 2
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Jindagi Once More
Gujarati 02:00pm, 05:00pm, 09:30pm
Toy Story 5-Hindi
11:00am
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અને તાલુકો માંગરોલના મોજે વસરાવીના બ્લોક નં.૪૦૭, ખાતા નં.૮૨૨, સર્વે નંબર ૩૫૯ થી નોંધાયેલ જુની શરતની જમીન જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૪-૩૯-૯૯ વાળી જમીનના માલીક (૧) હાસીમ ઈસ્માઈલ બોબાત (૨) આસીફ હનીફ બોબાત પાસેથી હમારા અસીલ વેચાણ લેનાર છે.જેથી આ જમીનમાં કોઈ પણ શખ્સ,યા સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર,દાવો લાગ ભાગ ખોરાકી,પોશાકી, લીયન,બોજો,સાટાખત,બાનાખત ઈઝમેન્ટ વિગેરેના હકકો હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૭ માં હમોને જાણ કરવી અને એ મુદત સુધીમાં કોઈપણ જાણ કરવામાં ન આવશે તો તેવા હકકો તેઓએ છોડી દીધેલા છે. એમ માની હમારા અસીલ સદરહુ જમીનના માલીકો પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાને નોંધ લેવી. તા.૨૦/૦૬/૨૦૨૬

સોહેલ એસ. નુર - એડવોકેટ
ઓફીસ - વિજય ઝેરોક્ષની સામે, મોસાલી મેઈન બજાર, મોસાલી
તા.માંગરોલ જી.સુરત મો.નં.૯૯૭૯૬૩૧૫૨૫